સાડા ત્રણ વર્ષથી વાઘરેચ ટાઈડલ ડેમની અધૂરી કામગીરીથી અને નુકસાનીથી ગ્રામજનો પાયમાલ

મેગા પ્રોજેક્ટની કામગીરી લોકો માટે માથાનો દુ:ખાવો

રૂપિયા ૨૫૦ કરોડના પ્રોજેક્ટ સામે ગ્રામજનોનો રોષ

ડેમની અધૂરી કામગીરીથી મોટી માછીવાડ અને નાની માછીવાડના રહીશોનું જનજીવન જોખમમાં મુકાયું

RCC રસ્તા નષ્ટ પામ્યા, મુખ્ય માર્ગો ધોવાઈ ગયા, બોરના મીઠા પાણી ખારા થઈ ગયા

કેરસી બારીયા

બીલીમોરા : નવસારી જિલ્લાના ગણદેવી તાલુકામાં કાવેરી, ખરેરા અને અંબિકા નદીના ત્રિવેણી સંગમ સ્થાને નિર્માણ પામી રહેલો વાઘરેચ ટાઈડલ રેગ્યુલેટરી ડેમ સ્થાનિકો માટે હાલાકીનું કારણ બન્યો છે. સાડા ત્રણ વર્ષ અને રૂપિયા ૨૫૦ કરોડના ખર્ચે બની રહેલા આ મેગા પ્રોજેક્ટની કામગીરી સ્થાનિકો માટે માથાનો દુખાવો બની જવા પામ્યો છ. પરંતુ તેની અધૂરી અને આયોજન વગરની કામગીરીને કારણે મોટી માછીવાડ અને નાની માછીવાડ ફળિયાના હજારો રહીશોનું જનજીવન જોખમમાં મુકાયું છે. જો આવેદનપત્રમાં કરવામાં આવેલી માંગણીઓ વહેલી તકે સંતોષવામાં નહીં આવે, તો આંદોલન કરવાની ચીમકી આપી છે.

વર્ષ ૨૦૨૩ના ચોમાસામાં ડેમના ઉત્તર છેડે પાળાનું ધોવાણ થતાં છેલ્લા ૩૦ વર્ષથી ઉપયોગમાં લેવાતા RCC રસ્તાઓ સાવ નષ્ટ પામ્યા છે. સ્મશાન ભૂમિ અને નદી કિનારે જવાના મુખ્ય માર્ગો ધોવાઈ જતાં માછીમારો અને રહીશોની અવરજવર સ્થગિત થઈ ગઈ છે. રસ્તાઓ પાસે સર્જાયેલા મોટા ખાડાઓમાં દરિયાના ભરતીના ખારા પાણી ભરાવાને કારણે ગામના ખાનગી બોરના મીઠા પાણી પણ હવે ખારા થઈ ગયા છે. ગ્રામજનો હવે પીવાના પાણી માટે દર-દર ભટકી રહ્યા છે. ગ્રામસભાની શરતો મુજબ પૂર રક્ષક પાળા બનાવવાનું કામ હજુ સુધી અધૂરું છે. ખાસ કરીને વસ્તી ધરાવતા ઉત્તર અને દક્ષિણ વિસ્તારોમાં કામ બાકી હોવાથી આગામી ચોમાસામાં મોટી જાન-માલની હાનિ થવાનો ડર સેવાઈ રહ્યો છે. ઐતિહાસિક મહત્વ ધરાવતી સ્મશાન ભૂમિ સુધી પહોંચવા માટે ૧૨ ફૂટ ઊંચા કાચા પાળા પરથી પસાર થવું પડે છે. સ્મશાનની રક્ષા માટે RCC વોલનું કામ હજુ માત્ર કાગળ પર જ છે. આ તમામ કામગીરીને કારણે સ્થાનિક રહીશોમાં વહીવટી તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

પૂર રક્ષક પાળાનું કામ યુદ્ધના ધોરણે પૂર્ણ કરવામાં આવે

ગ્રામજનોએ લેખિતમાં માંગ કરી છે કે તાત્કાલિક ધોરણે ખાડાઓ પુરીને સ્લેબ ડ્રેન સાથે નવા રસ્તાઓ બનાવવામાં આવે. પૂર રક્ષક પાળાનું કામ યુદ્ધના ધોરણે પૂર્ણ કરવામાં આવે. જો આ માંગણીઓ વહેલી તકે સંતોષવામાં નહીં આવે તો ગ્રામજનોએ ગાંધી ચીંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન કરવાની ચીમકી આપી છે, જેની સંપૂર્ણ જવાબદારી સરકાર અને વહીવટી તંત્રની રહેશે એમ આવેદનપત્રમાં જણાવવામાં આવ્યું છે.

નવસારી મહાનગરપાલિકાના કાર્યક્રમમાં સરકારી મંચના દુરુપયોગનો મુદ્દો ઉછળ્યો

એક પક્ષને મંચ, વિરોધ પક્ષ બહાર

શાસકીય તટસ્થતા અને સમાન તકના સિદ્ધાંતના ભંગ અંગે ગંભીર રજૂઆત

રાજ્ય ચૂંટણી આયોગમાં લેખિત ફરિયાદ

નવસારી : એપ્રિલ માસમાં યોજાનારી નવસારી મહાનગરપાલિકા ચૂંટણીને ધ્યાનમાં રાખીને મહાનગરપાલિકા દ્વારા આયોજિત એક સરકારી કાર્યક્રમને લઈને વિવાદ ઊભો થયો છે. કાર્યક્રમમાં રાજકીય તટસ્થતાનો ભંગ થયો હોવાના આક્ષેપ સાથે રાજ્ય ચૂંટણી આયોગ સમક્ષ લેખિત ફરિયાદ કરવામાં આવી છે. ફરિયાદમાં સરકારી મંચના દુરુપયોગ, શાસકીય નિષ્પક્ષતા અને તમામ રાજકીય પક્ષોને સમાન તક (લેવલ પ્લેઈંગ ફીલ્ડ) ન મળવાના મુદ્દે ગંભીર રજૂઆત કરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, નવસારી મહાનગરપાલિકા દ્વારા તાજેતરમાં આયોજિત આ કાર્યક્રમ સંપૂર્ણપણે સરકારી સ્વરૂપનો હતો અને તે સરકારી નાણાં, સરકારી સંસાધનો તથા શાસકીય વ્યવસ્થાના ઉપયોગથી યોજાયો હતો. તેમ છતાં આ કાર્યક્રમમાં ચોક્કસ એક રાજકીય પક્ષ સાથે સંકળાયેલા નેતાઓને મંચ (ડાયસ) પર સ્થાન આપવામાં આવ્યું હોવાનું ફરિયાદમાં જણાવાયું છે, જ્યારે વિરોધ પક્ષના કોઈપણ નેતાઓ કે પ્રતિનિધિઓને આમંત્રણ આપવામાં આવ્યું ન હતું તેમજ કોઈપણ પ્રકારનું પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું ન હતું.

ફરિયાદકર્તાઓએ રજૂઆત કરી છે કે ચૂંટણી પૂર્વ સમયગાળામાં આવા સરકારી કાર્યક્રમોમાં સંપૂર્ણ રાજકીય તટસ્થતા જાળવવી ફરજિયાત છે. એક જ રાજકીય પક્ષના નેતાઓને મંચ પર સ્થાન આપવું અને અન્ય પક્ષોને સંપૂર્ણપણે બહાર રાખવું એ સમાન તકના સિદ્ધાંતનું ઉલ્લંઘન છે અને ચૂંટણી પ્રક્રિયામાં અસંતુલન ઊભું કરે છે. આ પ્રકારની પ્રવૃત્તિઓથી મતદારો પર ખોટી અસર પડે છે અને ચૂંટણી વાતાવરણ પ્રભાવિત થાય છે, તેવું ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે કોઈપણ રાજકીય પક્ષના એવા નેતાઓ, જેઓ કોઈ બંધારણીય, કાયદેસર કે ચૂંટાયેલા પદ પર નથી, તેમને સરકારી મંચ પર સ્થાન આપવું એ તેમને અનુચિત રાજકીય લાભ આપવાના સમાન છે, જે મુક્ત અને ન્યાયસંગત ચૂંટણી પ્રક્રિયાને હાનિકારક છે. આવી પ્રવૃત્તિઓ, ભલે સત્તાવાર આચાર સંહિતા લાગુ થવાની પૂર્વે થઈ હોય, છતાં તે મોડલ કોડ ઓફ કન્ડક્ટની ભાવના અને ચૂંટણી તટસ્થતાના સ્થાપિત નિયમોને વિરોધાભાસી હોવાનું પણ ફરિયાદમાં જણાવાયું છે.

જવાબદાર અધિકારીઓની ભૂમિકા તપાસના ઘેરામાં લાવવાની માંગ

ફરિયાદકર્તાઓએ આક્ષેપ કર્યો છે કે મહાનગરપાલિકાના અધિકારીઓ દ્વારા આવી પ્રવૃત્તિઓને મંજૂરી આપવી કે અવગણવી એ ચૂંટણી પૂર્વ સમયગાળામાં શાસકીય તટસ્થતા અંગે ગંભીર પ્રશ્નો ઊભા કરે છે. આથી સમગ્ર મામલે જવાબદાર અધિકારીઓની ભૂમિકા પણ તપાસના ઘેરામાં લાવવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. આ સમગ્ર બાબતને ધ્યાનમાં રાખીને રાજ્ય ચૂંટણી આયોગને વિનંતી કરવામાં આવી છે કે ફરિયાદ અંગે તાત્કાલિક તપાસ હાથ ધરવામાં આવે, સંબંધિત મહાનગરપાલિકા તથા જવાબદાર અધિકારીઓ પાસેથી સ્પષ્ટીકરણ માંગવામાં આવે. ફરિયાદ જાહેર હિતમાં, સદભાવનાથી અને ચૂંટણી પ્રક્રિયાની પવિત્રતા જળવાય તે હેતુથી કરવામાં આવી હોવાનું પણ રજૂઆતમાં જણાવાયું છે. હાલ આ મુદ્દે શહેરના રાજકીય વર્તુળોમાં ચર્ચા તેજ બની છે અને હવે તમામની નજર રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા લેવામાં આવનારા પગલાં પર ટકેલી છે.

સંક્ષિપ્ત સમાચાર

ગણદેવીમાં દોડતી ટ્રકના ચાલકને હૃદય રોગનો હુમલો આવતા મોત

કેરસી બારીયા

બીલીમોરા : ગણદેવી ને.હા. નં.૪૮ દુવાડા પાટીયા ઉપર દોડતી ટ્રકનાં ચાલકને હૃદય રોગનો હુમલો આવતા કરુણ મોત નિપજ્યું હતું. ટ્રક સિમેન્ટ કોન્ક્રીટની ગટર લાઈન ઉપર અટકી જતા મોટી હોનારત ટળી હતી. સેલવાસનાં ખાનવેલથી ટ્રક નં. જીજે.૧૬ એક્ષ ૭૩૯૪ માં જલાવ લાકડા ભરી ચાલક શ્રવણકુમાર કેરૂભાઈ ભારતી (૩૦ રહે. ઉર્મિલાનગર, પલસાણા ચોકડી સુરત) સોમવારે સુરતના સચિન આવી રહ્યો હતો. જે સોમવાર મધ્યરાત્રિનાં ૧૧:૩૦ એ નેશનલ હાઇવે નં.૪૮ ઉપર ગણદેવીનાં એંધલ ગામે દુવાડા પાટીયા નજીક પહોંચ્યો હતો. તે વેળા કદાચ હૃદયરોગનો હુમલો આવતા ટ્રકનાં સ્ટિયરિંગ ઉપરનો કાબુ ગુમાવ્યો હતો. જ્યાં નાકમાંથી લોહી નીકળવા સાથે તેનું કરુણ મોત નિપજ્યું હતું. જ્યારે ટ્રક માર્ગ ઉપરથી ફંટાઈને નજીકની સિમેન્ટ કોન્ક્રીટની ગટર લાઈન ઉપર ઉભી રહી ગઈ હતી. જેને કારણે અન્ય જાનહાની ટળી હતી. ગણદેવી પીએસઆઇ એમ આર જાની વધુ તપાસ કરી રહ્યાં છે.

કાજણરણછોડમાં સમસ્ત બાવીસા કુળ પરિવાર સંમેલન યોજાયું

સુરત : સમસ્ત બાવીસા કુળ પરિવારનું સંમેલન વલસાડના કાજણરણછોડ ખાતે બાવીસા પરિવારના ધારાસભ્ય અને ભાજપ પ્રદેશ ઉપાધ્યક્ષ અરવિંદ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયું હતું. જેમનું શાલ ઓઢાડીને સન્માન કરાયુ હતું. લગ્ન જેવા પ્રસંગોમાં ડીજેના સ્થાને આદિવાસીઓના વાદ્યો, મરણપ્રસંગ કે બારમાની વિધિઓમાં ખોટા ખર્ચાઓ બંધ કરી, સમાજના હિત માટે સૌને આગળ આવવા વિચારણા કરવામાં આવી હતી. ધારાસભ્ય અરિવંદ પટેલ સહિત મહાનુભાવોના હસ્તે બાવીસા પરિવારના નવી સરકારી નોકરી મેળવનારાઓનું શાલ ઓઢાડી સન્માન અને બોર્ડમાં ૬૦ ટકાથી વધુ માર્કસ મેળવનારા વિદ્યાર્થીઓને સન્માનિત કરાયા હતા. નાની દિકરી માહીએ દિકરી દીલનો દરિયો વિષે અનોખું વક્તવ્ય આપ્યું હતું. ધારાસભ્યે જણાવ્યું હતું કે, સમાજે આગળ આવવું હોય તો શિક્ષણ ખુબ જ જરૂરી છે. સમાજે વ્યસનનોને તિલાજંલિ આપી, યુવા પેઢી સ્વબળે આગળ આવે તેવી સ્થિતિનું નિર્માણ કરવાનું છે. કાર્યપાલક ઇજનેર મનિષ પટેલે જણાવ્યું હતું કે, આપણા સમાજમાં પરિવર્તન લાવવા સૌને જાગૃત બનવું પડશે. સહાયક માહિતી નિયામક ઉમેશ બાવીસાએ આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરવા સૌને અનુરોધ કર્યો હતો. સીઆરસી કો-ઓર્ડિનેટર શૈલેષ પટેલે સમાજને શિક્ષણ પ્રત્યે જાગૃત બનવા આહવાન કર્યું હતું. નિવૃત બેંક મેનેજર કાંતિ પટેલે શિક્ષણ ક્ષેત્રે પ્રાધાન્ય આપી, યુવાનોને આગળ આવવા જણાવ્યું હતું. ઉમેદ પટેલ, નિવૃત શિક્ષણ અધિકારી રમેશ પટેલે પ્રવચન અને અજીત પટેલે કાર્યક્રમનું આયોજન કર્યું હતું. કાજણરણછોડના સરપંચ સુનિલભાઇ સહિતના જોડાયા હતા.

આહવાની આંગણવાડી કેન્દ્રોમાં પતંગ, ફિરકી અને લાડુનું વિતરણ

ગિરીશ ભાયે

સાપુતારા : ડાંગ જિલ્લા ભાજપા પાર્ટી એસ.સી.મોરચાનાં માજી મહામંત્રી મયુર બિરાડેએ આહવા નગરની દેવલપાડા, ડુંગરી તેમજ બંધારપાડા વિસ્તારમાં આવેલી આંગણવાડી કેન્દ્રોમાં ભણતા ભૂલકા બાળકોને પતંગ, ફિરકી તેમજ લાડુનું વિતરણ કરી બાળકો સાથે આનંદભર્યા પળો વિતાવ્યા હતા. ઉત્તરાયણના પર્વને ધ્યાનમાં રાખી યોજાયેલા આ કાર્યક્રમથી બાળકોના ચહેરા પર ખુશીની લહેર જોવા મળી હતી. પતંગ અને ફિરકી હાથમાં લઈ બાળકો ઉત્સાહપૂર્વક રમ્યા હતા અને મીઠાઈ મળતા આનંદિત બન્યા હતા. આ પ્રસંગે મયુર બિરાડેએ જણાવ્યું હતું કે, આંગણવાડી કેન્દ્રો બાળકોના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, ત્યારે આવા નાનકડા પ્રયાસો પણ બાળકોમાં ઉત્સાહ અને આત્મવિશ્વાસ વધારતા હોય છે. આ કાર્યક્રમમાં આંગણવાડી બહેનો તથા સ્થાનિક આગેવાનો હાજર રહ્યા હતા અને આ સેવાભાવી પહેલને સરાહના વ્યક્ત કરી હતી.

લોનના નામે લૂંટ! આપના નેતા પ્રદીપ મિશ્રા સહિત ત્રણની ધરપકડ

વિજલપોરના કેળા વેપારી પાસેથી રૂપિયા 69.55 લાખની ઠગાઈ કરી હતી

કોર્ટે બે દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા

નવસારી : વિજલપોરના રામનગર વિસ્તારમાં રહેતા કેળા વ્યવસાય કરતા રાજીવ વર્મા અને સુરેશ રબારીને વધુ નફો કમાવાની અને મોટી લોન અપાવવાની લાલચ આપી રૂપિયા 69.55 લાખની ઠગાઈ કરનાર ટોળકી આખરે પોલીસના ફંદામાં આવી ગઈ છે. આ ગંભીર પ્રકરણમાં નવસારી ટાઉન પોલીસે આપના નેતા પ્રદીપ મિશ્રા, રાજેન્દ્ર સોલંકી અને મહેશ નાયકાની ધરપકડ કરી છે.

ફરિયાદ મુજબ, આરોપીઓએ ખોટી ખાતરીઓ આપી કેળા વેપારીને ભોળવી વિશ્વાસમાં લીધા હતા. વધુ નફાની આશામાં વેપારીએ આરોપીઓના કહેવાથી અલગ અલગ સમયે રકમ ટ્રાન્સફર કરી હતી, પરંતુ પૈસા જતા જ આરોપીઓએ ટાળટૂળ શરૂ કરી અને અંતે લોન આપ્યા વિના તેમજ રકમ પરત કર્યા વિના સંપર્ક તોડી નાંખ્યો. આખું કૃત્ય સ્પષ્ટ રીતે યોજનાબદ્ધ છેતરપિંડી અને વિશ્વાસઘાત હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

પીડિત કેળા વેપારીએ ઠગાઈનો અહેસાસ થતાં નવસારી ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફરિયાદના આધારે તાત્કાલિક તપાસ શરૂ કરી, બેંક ટ્રાન્ઝેક્શન, દસ્તાવેજો અને અન્ય પુરાવા એકત્ર કર્યા બાદ ત્રણેય આરોપીની ધરપકડ કરી કોર્ટ સમક્ષ રજૂ કર્યા હતા. કોર્ટ દ્વારા ત્રણેય આરોપીને બે દિવસના પોલીસ રિમાન્ડ પર મોકલવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

હાલ ટાઉન પોલીસ દ્વારા આરોપીઓની સઘન પૂછપરછ કરી રકમ ક્યાં વપરાઈ, કોને આપવામાં આવી, આ પ્રકરણમાં અન્ય કોઈ વ્યક્તિ સંડોવાયેલી છે કે નહીં તથા કોઈ મોટું નેટવર્ક કાર્યરત છે કે નહીં તેની ઊંડાણપૂર્વક તપાસ ચાલી રહી છે. પોલીસે સ્પષ્ટ કર્યું છે કે તપાસમાં જે કોઈ પણ સંડોવાયેલા હશે તેની સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

બીલીમોરાના બીગરીનાં દઢોરામાં દીપડો પાંજરે પુરાયો

કેરસી બારીયા

- બીલીમોરા : બીલીમોરા નજીક બીગરીનાં દઢોરા ફળીયામાં મંગળવારે સાંજે દોઢથી બે વર્ષનો દીપડો પાંજરે પુરાયો હતો. જેને જોવા ગ્રામજનોનાં ટોળા ઉમટી પડયા હતા. બીગરીનાં દઢોરા ફળિયામાં રવિવારે ખેડૂત હિતેશ પટેલની વાડીમાં દીપડો જોવાયો હતો. જેને પગલે બીગરી ગ્રામપંચાયત સભ્ય સ્નેહલ પટેલે વન વિભાગના રાઉન્ડ ફોરેસ્ટર અંકિતા પટેલને જાણ કરતા દઢોરા ફળીયામાં ઉપરોક્ત વાડીમાં મરઘાનું મારણ મૂકી પાંજરું ગોઠવ્યું હતું. મંગળવારે સાંજે મરઘાનો શિકાર કરવા જતાં દોઢથી બે વર્ષનો દીપડો પાંજરામાં પુરાયો હતો. દીપડાએ પાંજરામાંથી નીકળવા ઉત્પાત મચાવ્યો હતો. વન વિભાગે દીપડાનો કબ્જો લઈ એંધલ વન ડેપો લઈ ગયા હતા.

નવસારી જિલ્લા કોંગ્રેસની મનરેગા અમલ અંગે કલેક્ટરને રજૂઆત

નવસારી : નવસારી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા મનરેગા યોજનાના અમલ અને ગ્રામ્ય વિસ્તારોમાં રોજગારની સ્થિતિ અંગે જિલ્લા કલેક્ટરને લેખિત આવેદન પત્ર આપવામાં આવ્યું છે. આવેદન પત્રમાં કોંગ્રેસે જણાવ્યું છે કે, મનરેગા યોજના ગ્રામ્ય વિસ્તારમાં ગરીબ, શ્રમિક અને જરૂરિયાતમંદ લોકો માટે મહત્વપૂર્ણ આધારરૂપ યોજના છે, પરંતુ તાજેતરમાં તેની કામગીરી અને અમલમાં કેટલીક મુશ્કેલીઓ જોવા મળી રહી છે. કોંગ્રેસે રજૂઆતમાં જણાવ્યું છે કે ગ્રામ્ય વિસ્તારોમાં પૂરતું કામ ઉપલબ્ધ ન હોવાને કારણે શ્રમિકોને રોજગાર મળવામાં અડચણ પડે છે અને અનેક પરિવારોને આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. યોજનાના મૂળ ઉદ્દેશ મુજબ દરેક પાત્ર પરિવારને વર્ષમાં ૧૦૦ દિવસનું કામ મળવું જોઈએ, પરંતુ હકીકતમાં ઘણી જગ્યાએ તે શક્ય બનતું નથી. કોંગ્રેસે કલેક્ટરને વિનંતી કરી છે કે મનરેગા યોજનાનો અસરકારક અમલ થાય, વધુ કામ મંજૂર કરવામાં આવે અને ગ્રામ્ય વિસ્તારમાં રહેતા લોકોને સમયસર રોજગાર મળે તે માટે જરૂરી પગલાં લેવામાં આવે.

Muthoot Homefin
Muthoot Homefin (India) Ltd.

CIN - U65922KL2011PLC029231
કોર્પોરેટ ઓફિસ: મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ, 19/E, ધ ઝૂબી, સેનાપતિ બાપટ માર્ગ, તુલસી પાઇપ રોડ, ફાઇનલ કોલેજ પાસે, દાદર વેસ્ટ, મુંબઈ - 400028.
શાખા ઓફિસ: મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ, 503, સેફાયર બિઝનેસ હબ, એલપી સવાણી રોડ, મધુવન સર્કલ પાસે, અડાજણ, સુરત, ગુજરાત- 395009
શાખા કાર્યાલય: C/o મુથૂટ ફાઇનાન્સ લિમિટેડ, પહેલો માળ, પરિસર નં. ૧ અને ૨, "શાંતિ કોમ્પ્લેક્સ", રિલાયન્સ મોલ પાસે, ગુંજન, રોડ, જીઆઈડીસી, વાપી, ગુજરાત ૩૯૬૧૯૧

પરિશિષ્ટ-IV-A [નિયમ 8(6)ની જોગવાઈ જુઓ]

પ્રાઇવેટ ટ્રીટી કમ વેચાણ માટે જાહેર નોટિસ

મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડના અધિકૃત અધિકારી દ્વારા નાણાકીય સંપત્તિના સિક્યોરિટાઇઝેશન અને પુનર્નિર્માણ અને અમલીકરણ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ ઉધાર લેનારા/ઓ પાસેથી બાકી રકમની વસૂલાત માટે અહીં ઉલ્લેખિત સુરક્ષિત સંપત્તિનો કબજો લીધા બાદ અહીં નીચે વર્ણવ્યા મુજબ સ્થાવર મિલકત ખરીદવા માટે નીચે સહી કરનાર દ્વારા સીલબંધ કવરમાં ઓફર મંગાવવામાં આવે છે, જે 'જ્યાં છે ત્યાં', 'જેમ છે તેમ' અને 'જે કંઈ છે તે'ના આધારે', જે કબજામાં છે. જેની વિગતો નીચે આપેલ છે:-

ક્રમ નં.	ઋણ લેનાર/ઓ/ સહ-ઋણ લેનાર/ ગેરન્ટર/ લોન એકાઉન્ટ નંબર/ શાખા	ડિમાન્ડ નોટિસ તારીખ અને રકમ	સ્થાવર મિલકતનું વર્ણન	અનામત કિંમત	અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) (RPના 10%)
1.	ટુનટુન મહેશ રાય/ વિજયભાઈ મહેશ રાય/ 004-00000246/ સુરત	20-માર્ચ-2025/ રૂ. 7,55,575/- સાત લાખ પંચાવન હજાર પાંચસો પંચોતેર રૂપિયા પૂરા	ફ્લેટ નં. ૧૦૪, પહેલો માળ, તુલસી રેસીડેન્સી સુરત કડોદરા રોડ, તથીથેયા સોની પાર્ક હાઉસિંગ સોસાયટી-૨ સુરત, ગુજરાત - 394305	રૂ. 1,00,000/- એક લાખ રૂપિયા પૂરા	રૂ. 10,000/- દસ હજાર રૂપિયા પૂરા
2.	સંજય પાંડુરંગ બોરસે/ મીનાબાઈ સંજય બોરસે/ 004-00401994/ સુરત	13-જાન્યુ.-2020/ રૂ. 10,10,378/- દસ લાખ દસ હજાર ત્રણસો ઈઠોતેર રૂપિયા પૂરા	ફ્લેટ નં. બી-૨૦૭ સ્વસ્તિક રેસી શિવમ રેસી કડોદરા પલસાણા સુરત ગુજરાત- ૩૯૪૩૨૭	રૂ. 3,00,000/- ત્રણ લાખ રૂપિયા પૂરા	રૂ. 30,000/- તીસ હજાર રૂપિયા પૂરા
3.	લિયાકતઅલી ગુલામહુસેન પઠાણ/ ફરહાના લિયાકતઅલી પઠાણ/ 004-00000220/સુરત	29-ડિસે.-2018/ રૂ. 7,19,659/- સાત લાખ ઓગણીસ હજાર છસ્સો ઓગણસાઈઠ રૂપિયા પૂરા	પ્લોટ નં. એ/૧૭૦, ૫૧.૫૦ ચોરસ મીટર વિસ્તાર, "આરઝુ રેસીડેન્સી" તરીકે ઓળખાતી ઇમારતમાં, સર્વે નં. ૨૯૮૪, સીટ નં. ૬૦, ચક્રા નં. ૧, અલનૂર એપાર્ટમેન્ટ પાસે, સાહોલ- કોસંબા રોડ, ગામ તરસાડી, તા. માંગરોળ, જિલ્લો સુરત- ૩૯૪૧૨૦. ગુજરાત ખાતે સ્થિત છે. સંયુક્ત સબ રજિસ્ટ્રાર માંગરોળની ઓફિસમાં તારીખ ૨૮/૧૨/૨૦૧૬ના રોજ એસઆર. નં. ૭૬૪૯/૨૦૧૬ સાથે દસ્તાવેજ તરીકે નોંધાયેલા વેચાણ દસ્તાવેજમાં વધુ ઉલ્લેખિત છે.	રૂ. 3,50,000/- ત્રણ લાખ પચાસ હજાર રૂપિયા પૂરા	રૂ. 35,000/- પાંત્રીસ હજાર રૂપિયા પૂરા
4.	અનિલકુમાર બ્રજકિશોર શ્રીવાસ્તવ/ શિલા અનિલકુમાર શ્રીવાસ્તવ/ 004-00000436/ સુરત	26-ઓગ્સ.-2023/ રૂ. 4,84,796/- ચાર લાખ ચોર્યાસી હજાર સાતસો છન્નું રૂપિયા પૂરા	પ્લોટ નં. ૭૦, ડિવાઈન વિલા માંગરોળ, કોસંબા કરમાલી રોડ અપના ઘર કોમ્પ્લેક્સ પાછળ / ડિવાઈન સ્કૂલ સુરત ગુજરાત - ૩૯૪૧૨	રૂ. 2,75,000/- બે લાખ પંચોતેર હજાર રૂપિયા પૂરા	રૂ. 27,500/- સત્તાવીસ હજાર પાંચસો રૂપિયા પૂરા
5.	ભેરૂલાલ શોંભુલાલ રબારી/ પપુદીબાઈ ભેરૂલાલ રબારી/ 004-00401665/ સુરત	20-માર્ચ-2025/ રૂ. 4,14,372/- ચાર લાખ ચૌદ હજાર ત્રણસો બોતેર રૂપિયા પૂરા	ફ્લેટ નં. એ-૩૦૮, ત્રીજો માળ, એ-મારુતિ રેસીડેન્સી, સુરત-બારડોલી રોડ, શિવમ રેસીડેન્સી, કડોદરા, પલસાણા, સુરત સર્વે નં. આર.એસ. નં. ૧૦૨/૧, ૧૦૨/૨, બ્લોક નં. ૧૦૪, ૧૦૫ લેન્ડમાર્ક સેજલ હોસ્પિટલ જિલ્લો સુરત રાજ્ય ગુજરાત પિનકોડ- ૩૯૪૩૨૭ દિશાઓ ઉત્તર- સંલગ્ન બ્લોક નં. ૧૦૬ ખુલ્લો પ્લોટ, દક્ષિણ- સંલગ્ન પ્લોટ નં. ૪, પૂર્વ - સંલગ્ન પ્લોટ નં. ૫૦ થી ૫૨, પશ્ચિમ - કચ્છ રોડ	રૂ. 2,00,000/- બે લાખ રૂપિયા પૂરા	રૂ. 20,000/- વીસ હજાર રૂપિયા પૂરા
6.	માલ્તીબેન રિચન્દ્ર તલગોટે/ રવિન્દ્ર મધુકર તલગોટે/ 059-05900050/વાપી	05-જાન્યુઆરી-2024/ રૂ. 7,69,220/- સાત લાખ ઓગણ સિત્તેર હજાર બસો વીસ રૂપિયા પૂરા	ફ્લેટ નં. ૧૦૧, પહેલો માળ, મૈત્રી રેસીડેન્સી વાપી ચારવાડા રોડ, રમઝાનનગર, રામ મંદિર પાસે ચારવાડા વાપી સુરત ગુજરાત ૩૯૬૧૯૫. તારીખ- ૦૨/૦૨/૨૦૧૮ના રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં. ૦૧૧૭૮/૨૦૧૮માં વધુ સ્પષ્ટ રીતે ઉલ્લેખિત. સબ રજિસ્ટ્રાર વાપીની ઓફિસમાં. સીમાઓ - ઉત્તર - ખુલ્લો પ્લોટ, દક્ષિણ - ખુલ્લો પ્લોટ, પૂર્વ - ખુલ્લો પ્લોટ, પશ્ચિમ - સોસાયટી રોડ	રૂ. 2,00,000/- બે લાખ રૂપિયા પૂરા	રૂ. 20,000/- વીસ હજાર રૂપિયા પૂરા
7.	હિતેન્દ્ર મધુસુદન જાદવ/ કિરણ હિતેન્દ્ર જાદવ/059-05900080/વાપી	12-નવેમ્બર-2024/ રૂ. 4,38,053/- ચાર લાખ આડત્રીસ હજાર તેપ્પન રૂપિયા પૂરા	ફ્લેટ નં. ૩૦૬ ત્રીજો માળ મૈત્રી એપાર્ટમેન્ટ રમઝાનનગર ગણેશ ચોક વાપી - ચરવાડા રોડ ચરવાડા વાપી વાપી ઉત્તર ગુજરાત - ૩૯૬૧૯૫	રૂ. 2,00,000/- બે લાખ રૂપિયા પૂરા	રૂ. 20,000/- વીસ હજાર રૂપિયા પૂરા
8.	શશીપ્રકાર આર. તિવારી/ પ્રિતી એસ. તિવારી/ 004-00000013/સુરત	18-ફેબ્રુઆરી-2025/ રૂ. 6,01,965/- છ લાખ એક હજાર નવસો પાસઠ રૂપિયા પૂરા	ફ્લેટ નં. ૧૦૫ મકાનનું નામ અને નંબર વૈભવ રેસિડેન્સી, હરિહંત પાર્ક સોસાયટીમાં વિભાગ - ૨ સર્વે નં. ૧૩૩ રોડનું નામ ખારાય રોડ લેન્ડમાર્ક ફ્લાય ઓવર, ગામનું નામ કડોદરા જિલ્લો કડોદરા રાજ્ય ગુજરાત પિનકોડ - ૩૯૪૩૨૭. ઉત્તર- બાલાજી રેસિડેન્સી, દક્ષિણ -ફ્લેટ નં. ૧૦૪, પૂર્વ -પેસેજ, વેસ્ટ -રોડ.	રૂ. 2,50,000/- બે લાખ પચાસ હજાર રૂપિયા પૂરા	રૂ. 25,000/- પચ્ચીસ હજાર રૂપિયા પૂરા
9.	સતીષકુમાર શ્રીકાંત સિંઘ/ નિરમલા દેવી શ્રીકાંત સિંઘ/ 004-00403406/ સુરત	23-ફેબ્રુઆરી-2024/ રૂ. 10,54,806/- દસ લાખ ચોપ્પન હજાર આઠસો છ રૂપિયા પૂરા	ફ્લેટ નં. ૨૦૧, બીજો માળ, શિવ રેસિડેન્સી, શિવમ રેસિડેન્સી, સુરત બારડોલી રોડ કડોદરા, પલસાણા, સુરત	રૂ. 2,50,000/- બે લાખ પચાસ હજાર રૂપિયા પૂરા	રૂ. 25,000/- પચ્ચીસ હજાર રૂપિયા પૂરા
10.	રાજેશભાઈ નાગરજીભાઈ મદ્રાસી/ ડામીની રાજેશભાઇ મદ્રાસી/ 004-00403786/ સુરત	03-ઓક્ટોબર-2019/ રૂ. 8,52,629/- આઠ લાખ બાવન હજાર છસો ઓગણત્રીસ રૂપિયા પૂરા	ફ્લેટ નં. એ-૩૦૮, ત્રીજો માળ, સાઈ એવન્યુ, મકાન-એ. શિવમ રેસીડેન્સી, સુરતની બહાર, બારડોલી રોડ, કડોદરા, પલસાણા, સુરત, સુરત, ગુજરાત - ૩૯૪૩૨૭	રૂ. 2,50,000/- બે લાખ પચાસ હજાર રૂપિયા પૂરા	રૂ. 25,000/- પચ્ચીસ હજાર રૂપિયા પૂરા
11.	વિ